**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૨ ટકા

# ટેકનોલોજી જાયંટ્સનો હવે પછીનો સમૂહ ભારતમાંથી જન્મશે : ડૉ પવન મુંજાલ

## આઈઆઈટી ગાંધીનગરના ૧૦મા દીક્ષાંત સમારોહમાં કુલ ૫૪૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગરે (IITGN) આજે સંસ્થાના ૧૦માં કોન્વોકેશનનું આયોજન કર્યું હતું, જેમાં કુલ ૫૪૮ વિદ્યાર્થીઓને હૃદયસ્પર્શી વર્ચ્યુઅલ સેરેમની દ્વારા ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. સંસ્થાએ એ સુનિશ્ચિત કર્યું કે રોગચાળાની પરિસ્થિતિ તેના વિદ્યાર્થીઓના જીવનના આ મહત્ત્વપૂર્ણ પ્રસંગની ભાવનાને ઓછી ન કરે અને ઓનલાઈન કાર્યક્રમને વિદ્યાર્થીઓની મહેનત અને દ્રઢતાની ઉજવણીમાં ફેરવી દીધો, જે આનંદ, યાદો અને પ્રેરણાદાયી ક્ષણોથી ભરપૂર હતો. IITGN ની યુટ્યુબ ચેનલ અને ફેસબુક પેજ પર સમગ્ર ઈવેન્ટ ઓનલાઈન સ્ટ્રીમ કરવામાં આવી હતી.



સંસ્થાએ ૧૭૫ બીટેક વિદ્યાર્થીઓ, ૫ ડ્યુઅલ મેજર બીટેક વિદ્યાર્થીઓ, ૧ બીટેક-એમટેક ડ્યુઅલ ડિગ્રી વિદ્યાર્થી, ૧૫૫ એમટેક વિદ્યાર્થીઓ, ૯૫ એમએસસી વિદ્યાર્થીઓ, ૩૦ એમએ વિદ્યાર્થીઓ, ૮૬ પીએચડી વિદ્યાર્થીઓ અને ૧ પીજીડીઆઈઆઈટી વિદ્યાર્થીને ડિજિટલ ડિગ્રી એનાયત કરી. આ વર્ષે, ૫૨ વિદ્યાર્થીઓએ ૫૮ મેડલ મેળવ્યા; જેમાં શિક્ષણ, ઉત્કૃષ્ટ સંશોધન, નવીનીકરણ, નેતૃત્વ, સમાજ સેવા, રમતગમત, કલા અને સંસ્કૃતિ વગેરે જેવી વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠતા માટે ૪૨ ગોલ્ડ મેડલ અને ૧૬ સિલ્વર મેડલનો સમાવેશ થાય છે.

આ વર્ષે, IITGNના પાંચ વર્ષના ડ્યુઅલ મેજર બીટેક પ્રોગ્રામની પ્રથમ બેચ સ્નાતક થઈ. આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને માત્ર એક વધારાના વર્ષ સાથે બે અલગ અલગ શાખાઓમાં બીટેકની ડિગ્રી મેળવવાની તક આપે છે. મિકેનિકલ એન્જિનિયરિંગમાંથી ત્રણ અને કેમિકલ એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાંથી એક-એક વિદ્યાર્થીએ કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગમાં પોતાનું બીજું મેજર કર્યું છે. આ વર્ષે, આપવામાં આવેલી પીએચડી ડિગ્રીઓની સંખ્યામાં વધારો ખાસ કરીને નોંધપાત્ર છે. ૨૦૨૦ અને ૨૦૧૯માં અનુક્રમે ૫૫ અને ૨૭ પીએચડી ડિગ્રીની સરખામણીમાં આ વર્ષે કુલ ૮૬ પીએચડી ડિગ્રી આપવામાં આવી છે. ઉપરાંત, ૨૦૨૧ના વર્ગના ૩૯ વિદ્યાર્થીઓએ સાત સેમેસ્ટરમાં (સામાન્ય સમયગાળો આઠ સેમેસ્ટર છે) બીટેક પૂર્ણ કર્યું છે, જેની સરખામણીમાં ૨૦૨૦માં ૧૩ વિદ્યાર્થીઓ અને ૨૦૧૯માં ૨૦ વિદ્યાર્થીઓ હતા.




ભારતના જાણીતા કોર્પોરેટ લીડર્સમાંના એક અને હીરો મોટોકોર્પ લિમિટેડના ચેરમેન અને સીઈઓ ડૉ પવન મુંજાલ આ પ્રસંગે મુખ્ય મહેમાન હતા. ડૉ પવન મુંજાલ ભારતીય ઉદ્યોગના અગ્રણી છે, જેમના નેતૃત્વમાં, હીરોએ ૨૦૦૧માં વિશ્વની નંબર ૧ ટૂ વ્હીલર કંપનીનું પ્રતિષ્ઠિત બિરુદ હાંસલ કર્યું હતું અને સતત ૨૦ વર્ષ સુધી આ પદને સફળતાપૂર્વક જાળવી રાખ્યું છે. તાજેતરમાં જ, ડૉ મુંજાલે ભવિષ્યને અનુરૂપ અને ટેકનોલોજી આધારિત મોબિલિટી સોલ્યુશન્સ વિકસાવવા માટે હાર્લે-ડેવિડસન અને ગોગોરો ઈંક જેવી વૈશ્વિક બ્રાન્ડ સાથે નવી ભાગીદારી શરૂ કરવા માટે હીરો મોટો કોર્પનું નેતૃત્વ કર્યું છે.

વીડિયો કોન્ફરન્સ દ્વારા સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને તેમના પ્રેરણાદાયી દીક્ષાંત સંબોધનમાં, ડૉ પવન મુંજાલે વિદ્યાર્થીઓને મોટા સ્વપ્નો જોવાની અને એક એવી દુનિયા બનાવવાનો આગ્રહ કર્યો જેમાં તેઓ જીવવા માંગે છે અને કહ્યું, "હવે સમય આવી ગયો છે કે ભારત વૈશ્વિક અર્થતંત્રમાં પોતાનું યોગ્ય સ્થાન હાંસલ કરે. દુનિયાને બતાવવાનો સમય આવી ગયો છે કે ટેકનોલોજી જાયન્ટ્સનો આગામી સમૂહ ભારતમાંથી જન્મશે. આપણે હંમેશા આપણી સાદગી, વસ્તી વિષયક લાભાંશ અને આપણી 'ક્યારેય હાર નહીં માનવાની' ભાવના વિશે વાત કરી છે; જો આ ગુણોનો મહત્તમ ઉપયોગ કરવાનો સમય હોય, તો તે ચોક્કસપણે હવે છે. અને તમારે, યુવા હીરોએ, મોરચેથી આ કાર્યનું નેતૃત્વ કરવાનું છે."



સેક્ટર-૩ ન્યૂ શિવશક્તિ મંદિર ખાતે રવિવારે શીતળા સાતમના દિવસે 'શીતળા માતા'ની સ્થાપના કરી સેક્ટરના ભાઈ-બહેનોએ પૂજા, અર્ચના, ઠંડુ ભોજન પ્રસાદ ધરાવી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. કોરોનાની ગાઈડ લાઈન મુજબ પૂજા કરી માંની કૃપા સદા રહે મહામારી દૂર થાય તેવી પ્રાર્થના કરી હતી



ઈન્ફોકીડ્સ પ્રિસ્કુલના બાળકોએ "ક્રિષ્ના વીથ ક્રિએશન" સ્વરુપે જન્માષ્ઠમીની ઉજવણી કરી હતી. બાળકોએ મુગટ, માળા, મોરપીંછ અને ગોકુલનગરીના સેટ-અપ સાથે સ્વયં રાધા-કૃષ્ણનો શૃંગાર સ્વરૂપ ધારણ કરી કૃષ્ણભક્તિનો નાની ઉંમરમાં વિશાળ પરીચય આપ્યો હતો. કૃષ્ણ જન્મની ઉજવણી સાથે બાળકોની સર્જનાત્મક શક્તિ અને ઉત્સાહને ઈન્ફોકીડ્સ પ્રિસ્કુલના પરીવાર તરફથી વિશેષ ભેટ આપી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.



સ્વપ્નવિલા-૩ બંગલોઝ , પેથાપુર ખાતે 'કૃષ્ણ મહોત્સવ' ની ઉજવણી કરાઈ હતી. શાળા બંધ હોવાથી સ્વપ્નવિલા-૩ સોસાયટી (પેથાપુર)ના નાના બાળકો એ કૃષ્ણ જન્મોત્સવ ની ઉજવણીનું જાતેજ આયોજન કર્યું હતું. જેમાં બાળક પૂણ્ય કોઠારીને કૃષ્ણ, કાવ્યા, રીશુ, પ્રિયંકા, ધ્યાનીને ગોપીઓ બનાવવા માં આવી હતી. બાળકો એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ આયોજનની સોસાયટીના વડીલો દ્વારા પ્રશંસા કરાઈ હતી.




સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ, ધણપ, ગાંધીનગર, ખાતે કૃષ્ણ જન્મોત્સવની ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી... ના નારા સાથે હર્ષોલ્લાસથી કાન્હાના વધામણા કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે રાસ નું આયોજન કરીને "મટકી ફોડ" કાર્યક્રમની ઉજવણી કરી હતી.



## જન્મદિને વધામણી



**ઓમ લક્ષ્મણ પટેલ**
મો. ૯૯૯૮૨ ૬૬૩૪૪



**શ્રેય ખત્રી**
મો. ૬૩૫૮૦ ૨૬૨૬૯




**આશિષ ગોંડ**


**૩૧ ઓગસ્ટ**



**દક્ષરાજસિંહ અંબુસિંહ ગોલ**



**અદિશ્રી અર્પિત જોશી**



**નમ્રતા સી શુક્લ**



**સ્મિતા રાજેશકુમાર દુલેરા**

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પરમાર પારસબા છત્રસિંહ, ઉ.વ. ૫૦, લાકરોડા, માણસા.
- સ્વ.ગામીત હસમુખભાઈ મનુભાઈ, ઉ.વ.૫૭, સે-૨૨
- સ્વ.દંતાણી શકરીબેન સંપતભાઈ, ઉ.વ. ૬૮, સે-૨૮, છાપરાં.

# હું મહિલા છું એટલે ના કરી શકું તેવું મારે પ્રતિત થવા દેવું નહોતું..!!

## ગાંધીનગરની બે બાળકોની માતા એવી એક સાહસિક મહિલાએ સાયકલિંગ ક્ષેત્રે સુપર રેન્ડોનિયર્સનો ખિતાબ મેળવ્યા બાદ હવે પર્વતારોહણ ક્ષેત્રે નવી સિદ્ધિ હાંસલ કરી : હિમાચલમાં ૨૦,૧૦૦ ફુટના માઉન્ટ યુનામને સર કરી શહેરને ગૌરવ અપાવ્યું છે

ગાંધીનગર તા.૨૯

અત્યારે દેશભરમાં ગોવર્ધન પર્વતને ટચલી આંગળીએ ઊંચકી લેનાર ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ જન્માષ્ટમી ઊજવાઈ રહ્યો છે.




ગુજરાતમાં હાલ કોરોના મહામારીના કેસોમાં રાહત જણાઈ રહી હોવાથી રાજ્ય સરકારે પણ થોડીઘણી છૂટછાટો આપતા રાજ્યમાં ફરી એકવાર તહેવારો ઉજવવાનો ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. બરાબર આ સમયે ગાંધીનગરની પિક્રી ઝા નામની એક મહિલા જે બે સંતાનોની માતા છે તે ૬,૧૧૧ મીટર એટલે કે ૨૦,૧૦૦ ફુટ ઉંચાઇ ધરાવતા એક પર્વતની ટોચ પર પંહોચવાના દુર્ગમ પર્વતારોહણનો સાહસ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવાનો ગર્વ સાથે અદ્વિતિય આનંદ માણી રહી છે.

મૂળ મુંબઈની પિક્રી ઝા પોતાના પતિ ડૉ.પ્રકાશ ઝા જેઓની ગાંધીનગર ખાતેની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે નિમણૂક થવાથી વર્ષ ૨૦૧૧માં આ શહેરમાં આવીને સેક્ટર-૮માં સ્થાયી થયાં છે. પાટનગરની હરિયાળીથી આકર્ષિત થઈને સાઈકલિંગનો શોખ કેળવ્યા બાદ જી-૩ સાયકલ ક્લબના નામથી અન્ય બે મહિલાઓ સાથે મળીને શહેરમાં સાયકલ રનના આયોજન કરવા સાથે પોતે ૩૦૦ કિમીથી માંડીને ૬૦૦કિમી સુધીની આકરી અને રોમાંચક સાઈકલ રાઈડ ખેડીને સુપર રેન્ડોનિયર્સનો ખિતાબ મેળવી ચુકી છે અને જે અંતર્ગત તેમને સાઈકલિંગ જે જાગૃતિ ફેલાવતી આંતરરાષ્ટ્રીય સંસ્થા ડચ સોશ્યલ એન્ટરપ્રાઈઝ દ્વારા ગાંધીનગરના બાઈસિકલ મેયર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. લાંબા અંતરના સાયકલિંગની સાથે વિવિધ સાહસિક પ્રવૃત્તિઓ કરતા મિત્રો સાથે ઘરોબો કેળવાવાને પગલે તેમને પર્વતારોહણનો પણ શોખ જાગ્યો અને નાના મોટા ટ્રેકીંગ કેમ્પમાં જવાનું શરુ કર્યું હતું. સાયકલીંગ જેવું જ જોશ તેમને પર્વતારોહણ માટે થવા લાગ્યો હતો અને તેમને હિમાલયની પર્વતમાળાઓ ખૂંદવાનું સપનું જાગ્યું હતું. ધીમે ધીમે શરૂઆત બાદ તેમણે પહેલીવાર વર્ષ ૨૦૧૬માં હિમાચલ ખાતેની લાહૌલ-સ્પિતી વેલીમાં ૧૯હજાર ફૂટનું પર્વાતારોહણ સફળતાપૂર્વક પૂરું કર્યું હતું. આ દરમ્યાન ઊંચાઈ પર શ્વાસ લેવામાં પડતી તકલીફના કારણે તેમને ડર લાગવા લાગ્યો હતો કે તેઓ વધુ ઉંચાઈનું પર્વતારોહણ કરી શકશે નહીં.

જોકે પડકારો જેમને પસંદ છે તેવા પિક્રી ઝાએ કોરોના મહામારીના સમયમાં લાંબો સમય ઘરમાં રહ્યાં ત્યારે જ તેમણે મોટું લક્ષ્યાંક પાર પાડવાનો નિર્ણય લીધો હતો અને આ માટે તેમણે ચંદ્રભાગા અને મુલ્કિલા પર્વતમાળાઓ જ્યાંથી સુંદર રીતે દેખાય છે તેવા લાહૌલ-સ્પિતી વેલીમાં જ સૌથી ઊંચા યુનામ શિખરને સર કરવા પર પસંદગી કરી હતી. તે દુર્લભ ૬ હજાર શિખરો પૈકીનું એક છે જેણે તેમની ઉચ્ચ મહત્વાકાંક્ષાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરી છે. ખૂબ જ મુશ્કેલ ટ્રેક હતો અને તેમાં એવા સાહસિકો જેઓ પર્વતારોહણને વિસ્તારવા માટે ગંભીર છે તેઓ આ અભિયાનમાં જોડાયા હતા. યુનામ શિખર હિમાચલ પ્રદેશના





દૂરના વિસ્તારોમાં ઠંડા રણ જેવાં સ્થળો પર છૂટાછવાઈ હરિયાળી સાથે સ્થિત છે, તે નવા નિશાળીયા માટે બિલકુલ નથી. માઉન્ટ સર કરવા માટે પહેલા તેમણે ત્રણ મહિના સુધી તાલીમ લીધી અને જ્યારે ટ્રેકિંગ શરૂ કર્યુ ત્યારે હરિયાળીથી નિર્જન ઠંડા પર્વતોમાં એક આશ્ચર્યજનક અને મુશ્કેલ અનુભવનો સામનો થયો. તેમણે ખાતે ૧૫૫૦૦ ફૂટની ઉંચાઈએ બેઝ કેમ્પમાં ૨ રાત અને ૧૭,૭૦૦ ફુટની ઉંચાઈએ બીજા કેમ્પમાં ૩ રાત વિતાવી જ્યાં ઓક્સિજન સ્તર ૬૦ટકા હતું જેથી તેમનું શરીર તે વાતાવરને સારી રીતે અનુકૂળ થઈ જાય. દરરોજ સવારે જાગે ત્યારે ભારે માથાનો દુઃખાવો અને બળતરા થતી હોય તેવામાં વરસાદ પડ્યો અને ભારે બરફવર્ષા પણ થઈ હતી. તેઓ ૬ પર્વતારોહક અને ગ્રુપમાં એકમાત્ર મહિલા પર્વતારોહક હતાં અને તેમની પર્વતારોહણ એજન્સીના સ્ટાફે જણાવ્યું કે અગાઉ આ ટોચ પર પંહોચવા માટે મહિલાઓમાં એકમાત્ર ૫૫ વર્ષની આધેડ મહિલાએ પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ શિખર સુધી પહોંચી શક્યા નહોતા. ખરું ચઢાણ ૧૫ હજાર ફૂટ પછી શરૂ થતું હતું જ્યાંથી રોડ પુરા થઈ જાય છે. ઓછા ઓક્સિજનના કારણે ખાવાનું પચે નહીં, શરીરની શક્તિ ઘટી જાય, દરરોજ ઑક્સિજન લેવલ ચેક કરવું પડે. રસ્તામાં બરફ જેવા ઠંડાગાર પાણીની તોફાની નદીઓ અને ઝરણા આવે જે એકબીજાના હાથ પકડીને ઓળંગવાના હોય, સતત વારંવાર વરસાદ પડે કે બરફ વર્ષા થતા હતા. ચારેકોર બરફ હોયપરંતુ પીવાનું પાણી ન મળે તેથી સાથે ૨ લીટર પાણી તેમજ કેન્ડી-ચોકલેટ્સ અને ટેટ્રા પેકમાં ફ્રૂટ જ્યૂસ સહિત એનર્જી ડ્રિંક્સ લીધાં હતાં. એક તબક્કે તો તેમના ગ્રુપ લીડરે તેમણે નીચે પરત જવું જોઈએ તેવું જણાવી દીધું હતું પરંતુ તેમણે પોતાનું અડગ નિશ્ચય જણાવી દીધો હતો. હું મહિલા છું તેથી આ ના કરી શકું તેવું તેમને પ્રતિત થવા દેવું નહોતું. છેવટે તેઓ નિર્ધારિત સમય કરતા એક કલાક મોડા પરંતુ છેક શિખર પર પહોંચી ગયાં હતાં જ્યાં તેમણે સૌથી પહેલા ઘરેથી બનાવેલા લાડુ પ્રસાદ માટે સાથે રાખી નાની પૂજા કરી હતી. તેઓ માને છે કે શિખર પર પહોંચવું એટલે જાણે સ્વયંને પ્રાપ્ત કરવા જેવું છે, કારણ કે ત્યાં તમારા પોતાના સિવાય બીજું કોઈ હોતું નથી

ચઢાણ જેટલું કપરું હતું ઉત્તરાણ તેનાથી પણ વધારે મુશ્કેલ હતું કેમ કે ગુરુત્વાકર્ષણ બળ તમને નીચે ખેંચે અને તેની સાથે બેલેન્સ જાળવી નીચે ઉતરવાનું હોય અને પગમાં પાણી ભરાઈ ગયું હોય તેવું લાગે. આ સમયે મનની સ્થિતિ ખુબ જ વિષમ હોય અને વારંવાર કોઈ પાછળથી બોલાવતું હોય તેવો ભાસ થયા કરે, જેથી તેઓ વારંવાર પાછું વળીને જોતાં હતાં. તેમની પાછળ આવેલા રહેલા એક પર્વતારોહકે એક તબક્કે ગભરાઈને કુદકો મારી દીધો હતો જેને એજન્સીના સભ્યોએ સમયસૂચકતાથી પકડી લઈને બચાવી લીધા હતા. ઉત્તરાણ પૂરું કર્યા પછી તેમને જાણે માઉન્ટ એવરેસ્ટ સર કરીને આવ્યા હોય તેવી અનુભુતી થઈ હતી. તા.૨૪મી જુલાઈથી તેમણે શરૂઆત કરી હતી અને તા.૩૦મી જુલાઈએ પુરુ કર્યું હતું. આ સાહસ માટે તેમને પોતાના પરિવારનું ખુબ જ પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું.